જ્યારે જ્યારે તમે ગુસ્સે થાવ છો ત્યારે ત્યારે તમારા શરીરમાં સૂક્ષ્મ ઝેર પ્રસરે છે
- મુનિ સૂરજકીર્તિ સાગરજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૯ | ૩૦ નવેમ્બર, ૨૦૧૩, શનિવાર; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર જિલ્લો બાળ જાતિદર માટે રેડ ઝોનમાં

## ગાંધીનગર શહેર સહિત જિલ્લાના ૧૦૦ ગામોમાં રાજ્યની સરેરાશ કરતાં પણ ઓછો જાતિ દર નોંધાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર સહિત જિલ્લાના ૧૦૦ ગામોમાં ૦ થી ૬ વર્ષના બાળકોના જાતિદર પ્રમાણ રાજ્યની સરેરાશ કરતાં પણ નીચો હોવાનું તારણ બહાર આવતાં જિલ્લા તંત્ર ચોંકી ઉઠ્યું છે. ગાંધીનગર જિલ્લો આ જાતિદારમાં રાજ્યના રેડઝોનમાં મુકાયો છે.

ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી-પુરૂષના જાતિદર પ્રમાણમાં સુધારો થયો હોવા છતાં જિલ્લાના ૧૦૦ જેટલા વિસ્તારોમાં રાજ્યની સરેરાશ કરતાં પણ ઓછો જાતિદર જોવા મળી રહ્યો છે. જિલ્લામાં તાજેતરમાં જ બેટી બચાવ અભિયાનને નવો વેગ આપવા માટે આરોગ્ય તંત્રની મહત્વની બેઠક મળી હતી અને તેમાં તેના પર વિસ્તૃત ચર્ચાઓ પણ થઈ હતી.

ગાંધીનગર શહેરના ૧૪ જેટલા વિસ્તારોમાં ૫૯૮ થી ૭૫૦ સુધીનું જાતિ પ્રમાણ જોવા મળ્યું છે. તો જિલ્લામાં સૌથી ઓછુ જાતિ પ્રમાણ કલોલ તાલુકાના હિંમતપુરા ગામમાં જોવા મળ્યું છે. માણસા તાલુકામાં જાતિદર પ્રમાણમાં ૨૦૧૧ ની વસ્તુ ગણતરીમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. જ્યારે ગાંધીનગર અને કલોલ તાલુકામાં તેમજ દહેગામના ગામોમાં તે નીચો જોવા મળી રહ્યો છે. જો કે આ ત્રણ તાલુકાઓની તુલનામાં માણસાના ગામોની સંખ્યા ઓછી જોવા મળી રહી છે.

રેડ ઝોન અર્થાત ૮૫૦ થી પણ ઓછો જાતિદરનું પ્રમાણ જોવા મળતું હોય તેવો વિસ્તાર છે. ગાંધીનગર સહિત રાજ્યના ત્રણ જિલ્લાઓ રેડઝોનમાં આવે છે તેમાં સુરત, મહેસાણા અને ગાંધીનગરનો સમાવેશ થાય છે.

રાજ્યમાં જન્મદર જાતિ પ્રમાણમાં સુધારો થઈ રહ્યો છે. ૨૦૦૧માં તે ૮૦૨ હતો તેમાં સુધારો થઈ રાજ્યમાં ૨૦૧૨માં ૯૦૨ પર પહોંચ્યો છે. ૨૦૦૫ માં તે ૮૪૫ જેટલો હતો.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જાતિદર પ્રમાણમાં સુધારો લાવવાના પ્રયાસોને સઘન બનાવવા માટે તંત્રએ આખાય અભિયાનને નવો વેગ આપવાનો નિર્ણય કર્યો છે.

ગ્રામસભા અભિયાન પૂર્વે મહિલાઓની વિશેષ ગ્રામસભાનું આયોજન કરવા ઉપરાંત દિકરીનો જન્મ આપનાર માતા-પિતાનું જાહેર સન્માન કરવા સહિતના નવા પગલાંઓ અભિયાનમાં સમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે શાળા-આરોગ્ય ચકાસણી અભિયાન દરમ્યાન પણ બાળકીને જન્મ આપનાર માતા-પિતાના સન્માનના વિશેષ કાર્યક્રમ યોજવા પર ભાર મુકવામાં આવ્યો છે.

એક ચોંકાવનારી હકીકત એવી પણ બહાર આવી છે કે ૨૦૧૨ના વર્ષમાં પ્રથમ વર્ષગાંઠ

● અનુસંધાન પાન-૭ પર



# ચ-૦ થી કોબા માર્ગના સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ બનાવવાની કામગીરી આરંભાઈ

## રખડતા ઢોરના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે

ગાંધીનગર, તા. ૨૯

ચ-૦ થી કોબા માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ બનાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. માર્ગ સલામતીને અનુલક્ષી હાથ ધરાયેલ આ કામગીરીના અંતે રખડતા ઢોરના લીધે થતા અકસ્માતો અટકશે. અગાઉ આ માર્ગ પર મુખ્યમંત્રીના કોન્વોયને આડે આખલો આવતા અકસ્માત થતા રહી ગયો હતો.


શહેરી વિસ્તારની સાથે ગાંધીનરથી કોબા માર્ગના હદમાં પણ રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે. જેના પરિણામે ઘણીવાર જાનલેવા અકસ્માત પણ થાય છે. આ વિસ્તારમાં નીલગાયનો ત્રાસ હોવાથી અવારનવાર નાના-મોટા અકસ્માતો પણ થાય છે. થોડા સમય અગાઉ આ વિસ્તારમાંથી પસાર થતા મુખ્યમંત્રીના કોન્વોયને પણ અકસ્માત નડતા રહી ગયો હતો. સી.એમ. કોન્વોય પસાર થતી વેળાએ અચાનક જ માર્ગ વચાળે આખલો દોડીને આવતા શોર્ટ બ્રેક મારવાની ફરજ પડી હતી. જો કે સદ્‌નસીબે અકસ્માતમાંથી છુટકારો મળ્યો હતો. આ માર્ગના સેન્ટ્રલવર્જમાં રખડતા ઢોર પણ અડીંગો જમાવીને બેસતા હોવાથી ગમે ત્યારે માર્ગ વચાળે આવી ચડે છે. જેના પરિણામે દ્વીચક્રી વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બને છે. માર્ગ સલામતીને ધ્યાને લઈ તંત્ર દ્વારા સેન્ટ્રલવર્જ આસપાસ ગ્રીલ લગાવાનું કામ શરૂ કરી દેવાયું છે. સેન્ટ્રલવર્જ આસપાસ ચેઈન લોક લગાવી દેવાતા ટુંકમાં હવે રોડ સેફટી વધી જશે.

# કારેલા, કંકોડા, પરવર જેવા શાકભાજીના પાકોમાં ટીસ્યુ કલ્ચર અપનાવવું જોઈએ : કલેકટર

## ટીસ્યુ કલ્ચર લેબ દ્વારા ૧૫ લાખ રોપા તૈયાર કરવાનો લક્ષ્યાંક

ગાંધીનગર, તા.૨૯

ખારેખ, કંકોડા, પરવર અને બામ્બુમાં પણ ટીસ્યુ કલ્ચરની ખેતી માટે વિચારણા કરવી જોઈએ તેવો સમય આવી પહોંચ્યો છે તેમ જિલ્લા કલેકટર ડૉ. પી.સ્વરૂપે જણાવ્યું છે.



ગાંધીનગર જિલ્લાના શેરથા ગામ નજીક કેળની ટીસ્યુ કલ્ચર લેબોરેટરી ગ્રીન ફિલ્ડબાયોટેકની આજે ડૉ. સ્વરૂપે મુલાકાત લીધી હતી. આ મુલાકાત વેળાએ ગ્રીન ફિલ્ડ લેબોરેટરીના વિશાલ ઓઝા અને પ્રિયાંશ શાહે આ લેબોરેટરીની ક્ષમતા અને તેના વિકાસ તેમજ ખેડૂતોના મળી રહેલા પ્રતિસાદ અંગેની વિગતો કલેકટરશ્રીને આપી હતી.

શ્રી પ્રિયાંશ શાહે પ્રોજેકટના અમલીકરણથી લઈ વિકાસના તબક્કાઓની વિસ્તૃત જાણકારી આપી નેટ હાઉસમાં ઉછેર પામતા છોડની ઉત્પાદકતા અને અન્ય રસપ્રદ માહિતી આપી હતી.

આ લેબોરેટરી ગત વર્ષે કાર્યાન્વિત થઈ છે. આ વર્ષે ૧૫ લાખ રોપાઓના ઉત્પાદનનું લક્ષ્ય હોવાનું પ્રિયાંશ શાહે જણાવ્યું હતું. ટીસ્યુ કલ્ચરથી ઉત્પન્ન થતા કેળના ભાવ પોષણક્ષમ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

બાગાયત ખેતીનો આપવામાં આવી રહેલ પ્રોત્સાહન અને તંત્રના અધિકારીઓની હૂંફ વિકાસ માટે પ્રોત્સાહક હોવાનું તેમણે કલેકટરશ્રીને જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપે કેળ અને બાંબુ ઉપરાંત શાકભાજીના પાકોમાં ટીસ્યુ કલ્ચરના પ્રયોગ હાથ ધરવા માટેનો આગ્રહ કર્યો હતો. તેમણે ટીસ્યુ કલ્ચર કેળાં ૧૮ થી ૧૯ માસના ગાળામાં બે વખત પાકનું ઉત્પાદન લઈ શકાય છે. ટીસ્યુ કલ્ચરમાં તૈયાર કરાયેલ છોડ અને સમાન્ય છોડ લગભગ એકસરખા હોય છે. અધિકારીઓએ કરેલા દાવા મુજબ કેળના સામાન્ય છોડમાંથી ૨૦ થી ૨૫ કિલો ઉત્પાદન મળતું હોય છે. જયારે ટીસ્યુ કલ્ચરના છોડમાંથી ૪૦ થી ૪૫ કિલો ઉત્પાદન મળતું હોય છે. એટલે કે પ્રતિ છોડ ૧૦ કિલો વધારે ઉત્પાદન આપે છે.

ટીસ્યુ કલ્ચર છોડ રોગમુકત હોવાથી તેનો ઉછેર પણ સારો થતો જોવા મળે છે. તેની પાછળ કાળજી લેવી જરુરી છે. ટીસ્યુ કલ્ચર છોડના વાવેતરથી વધુ ઉત્પાદન મેળવી ખેડૂતની આવકમાં વધારો થાય છે.

# રાજ્યમાં ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષાના ફોર્મ ભર્યા

## ફોર્મ ભરવાના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓનો ધસારો

## ધોરણ ૧૦ અને ૧૨ની ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરાઈ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ હતો છેલ્લા દિવસે ફોર્મ ભરવા માટે શાળાઓમાં વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળ્યો હતો. સાંજે ૬ વાગ્યે પરીક્ષા ફોર્મ ભરવાની સમયમર્યાદા પૂર્ણ થી ત્યાં સુધી રાજ્યભરમાંથી કુલ ૧૫ લાખ જેટલા વિદ્યાર્થી દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા અનેક વિવાદો બાદ અંતે પૂર્ણ થઈ ચૂકી છે આજે સાંજે ૬:૦૦ કલાક સુધી બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. જ્યારે વિદ્યાર્થીઓ આવતીકાલે બેંકના કામકાજનો સમય પૂર્ણ થાય તે પહેલા પોતાની ફી બેંકમાં જમા કરાવવાની રહેશે. શિક્ષણ બોર્ડના સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ફોર્મ ભરવાની નિશ્ચિમ સમયમર્યાદામાં રાજ્યભરમાંથી કુલ ૧૫ લાખ જેટલા ફોર્મ ભરાય છે. જેમાં રાજ્યની ધોરણ-૧૦ની કુલ ૯૯૮૧ શાળાઓમાંથી કુલ ૧૦ લાખથી વધુ ફોર્મ ભરાયા છે જ્યારે રાજ્યની ધોરણ-૧૨ની કુલ ૪૯૫૪ શાળાઓમાંથી પાંચ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ ફોર્મ ભર્યા છે. આ સાથે જ ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૫ લાખ થઈ ગઈ ચે. બીજી બાજુ શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતા મુજબ હવે કોઈપણ વિદ્યાર્થીઓનું ફોર્મ સ્વીકારવામાં આવશે. જેથી જે વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકયા નથી તેવા વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપવાથી વંચિત રહેવું રહેશે. જ્યારે વિદ્યાર્થીઓ આવતીકાલે બેંકનો કામકાજનો સમય પૂર્ણ થાય તે પહેલા પરીક્ષાની ફી ભરી દેવાની રહેશે.

તેમાં પણ આવતીકાલે શનિવાર હોવાથી વિદ્યાર્થીઓની ફી જમા કરાવવા માટે અડધા દિવસનો જ સમય મળશે. ઉલ્લેખનીય ચે કે સિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૪માં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવાય છે આ પરીક્ષા માટે પ્રથમ વખત ઓનલાઈન ફોર્મ ભરાવવામાં આવ્યા હતા.







# ૧૭ વર્ષ બાદ સાબરમતીના તટીય પ્રદેશમાં બટાકાની ખેતી થશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સીમાડેથી પસાર થતી સાબરમતી નદીના પીંપળજથી અમરાપુર સુધીના પટમાં બટાટા અને અન્ય શાકભાજીના પાકોના વાવેતર માટે રાજ્ય સરકારે ૧૭ વવર્ષના લાંબાગાળા બાદ મંજૂરી આપી છે.

પેથાપુર પોટેટો ગ્રોવર્સ કો.ઓ. સોસાયટીએ કરેલી રજુઆતને ગ્રાહ્ય રાખી જમીન ના હોય અને આ મંડળીના સભ્યો હોય તેવા ખેડૂતોને આ બટાટાની અને અન્ય શાકભાજીના વાવેતર માટે આ જમીન પર ખેતીની મંજૂરીની મહોર મારતાં જિલ્લામાં શાકભાજીના ઉત્પાદનને નવો વેગ મળશે. સરકારના આ અભિગમથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫૦ એકર જેટલી જમીનમાં શાકભાજીનો રાજા ગણાતા બટાકાની ખેતી થશે તેવો અંદાજ છે. તો અન્ય શાકભાજીના પાકો પણ આટલી જ જમીનમાં થશે તેવા અંદાજ છે.

ગાંધીનગર જિલ્લામાં બટાટાની ખેતી સારી એવી થાય છે. તેમજ રાજ્યમાં પણ બટાટાના ઉત્પાદનમાં ગાંધીનગરની ગણના થાય છે. રાજ્ય સરકારે સાબરમતી નદીના પટમાં ૧૭ વર્ષ બાદ આ ખેતી માટે જમીન આપવાના કરેલા નિર્ણયને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી છે.

નદીના પટમાં વાવણી થયેલા બટાટા સ્વાદમાં મીઠા હોય છે તેમજ તે પાણીદાર હોવાથી ચડવા માટે સારા ગણાય છે. ખાસ કરીને કાતરી અને અન્ય ઉત્પાદનો માટે તે સારા ગણાય છે. બટાટાની ખેતી માટે પેથાપુર એક તબક્કે વખણાતુ હતુ જે ઉલ્લેખનીય છે. બટાટા ઉત્પાદકોની સહકારી મંડળી એ પણ તેની આગવી ઓળખ હતી.

ગાંધીનગર જિલ્લામાં શાકભાજીના પાકો હવે રોકડિયા પાક તરીકે ગણના થઈ રહી છે અને પાક પેટર્ન પણ બદલાતી રહી છે ત્યારે સરકારનો આ નિર્ણય જિલ્લાના કૃષિ વિકાસને નવો વેગ આપશે તેમ મનાઈ રહ્યું છે.

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧